# જૈન ધર્મ પ્રકાશ

# JAINA DHARMA PRAKASH.

પુસ્તક ૨ જું. પોષ શુદિ ૧૫ સંવત ૧૯૪૨ અંક ૧૧ મો.

इंद्रवज्रा.

जिनेंद्र पूजा गुरु पर्युपास्तिः
सत्वानुकंपा शुभ पात्र दानं
गुणानुरागः श्रुति राग मस्य
नृजन्म वृक्षस्य फलान्यमूनि ॥१॥

પ્રગટ કર્તા.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.

(ભાવનગર.)

અમદાવાદમાં.

યુનાઇટેડ પ્રીન્ટીંગ અને જ. જો. કં. લિમિટેડના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપી પ્રસિદ્ધ કર્યું.

મૂલ્ય વર્ષ ૧ નો રૂ ૧ ... આગાઉથી, પોસ્ટેજ જાદું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# विज्ञप्ति.

સર્વ સુરા શ્રાદ્ધોએ આ ચોપાનીઆના સ્વલ્પ મૂલ્ય તરફ વિચાર ન કરતાં તેવું સારી રીતે બહુ માન સાચવી વાંચવું. બીલકુલ આસાતના કરવી નહીં કારણ કે જ્ઞાનની આસાતના કરવાથી અજ્ઞાનપણું પ્રાપ્ત થાયછે અર્થાત્ જ્ઞાનાવરણી કર્મ બંધાયછે. આ વાક્યને લક્ષમાં રાખીને ચોપાનીયું વાંચીને રખડતું ન મૂકતાં યોગ્ય સ્થાનકે મૂકી વિનય સાચવશો જેથી કરેલો પ્રયાસ સફળ થાય.

# अनुक्रमणिका.


| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| ૧ હરિબળ અને વસંતશ્રી (પંચાંકી નાટક)... ... ... ... | ૧૬૧ |
| ૨ ધર્મવિચાર (જિન પૂજા)... ... ... ... ... ... ... | ૧૬૫ |
| ૩ સમકિત (આરામનંદનની કથા.) ... ... ... ... ... | ૧૬૯ |
| ૪ વર્ત્તમાન ચર્ચા. ... ... ... ... ... ... ... | ...૧૭૩ |


## जैन कन्याशाला माटे.

### સ્ત્રી શિક્ષક જોઈએ છીએ.

(ઈનામ ૩૧૦)નું

ગુજરાતી ભાષાનું સારી રીતે લખી વાંચી શકે તેટલું અને ધર્મ સંબંધી શુદ્ધ રીતે પાંચ પ્રતિક્રમણનું જ્ઞાન ધરાવનાર કોઈ શ્રાવિકા પગાર લઈને રહેવા ખુશી હોય તો તેણે અમને લખી જણાવવું. તેની યોગ્યતા મુજબ પગારનો બંદોબસ્ત કરી રાખવામાં આવશે. અને એવો શિક્ષક શોધી આપનારને ઉપર જણાવેલું ૩૧૦) નું ઈનામ અમારી સભા તરફથી મળશે.

મંત્રી,

જૈ. ધ. પ્ર. સભા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

# JAINA DHARMA PRAKASH.

દોહરો.

અત્યુપયોગી વિષયથી, પામી પૂર્ણ વિકાશ;
જૈન ધર્મ ઉજ્વાળવા, પ્રગટયું જૈનપ્રકાશ.

પુસ્તક ૧ લું. શક ૧૮૦૭. પોષ શુદિ ૧૫ સંવત ૧૯૪૨. અંક ૧૧ મો.

श्री जैनधर्मो जयति.

## हरिबल अने वसंतश्री.

( જીવદયાથી થતા ફાયદાનું )

पंचांकी नाटक.

(સાંધણ પાને ૧૪૮ થી)

## प्रवेश बीजो.

સ્થળ—વિશાળાપુરમાં હરિબળની હવેલી.

હરિબળ—(સ્વગત) અહો ધન્યછે તે ગતદિનને કે જેણે મને આવી સદ્બુદ્ધિ આપી આટલી મહત્વતાએ પહોચાડયો, મારી અગાઉની સ્થિતી સાથે આ સ્થિતીનો મુકાબલો કરતાં છેવટે એમ નિર્ણય થાયછે કે દયા! દયા! પવીત્ર દયા! એજ મનુષ્ય માત્રનો શ્રેષ્ઠ અને બહુ મતે મનાએલો પ્રથમ ધર્મછે. એક મચ્છના ઉપર દયા કરવાના નિયમથી હું આટલી મહત્વતાએ પહોચ્યો તો જેઓ કોઈપણ પ્રાણીને નહીં મારતા હોય તેઓને ખચિત મુક્તિ મળવીજ જોઇએ. હવેથી હું પણ કોઈ નિરપરાધી પ્રાણીને મારીશ નહીં. પરંતુ પ્રીય વસંતશ્રી હજુ કેમ ન આવી. (એટલામાં વસંતશ્રી આવે)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસંતશ્રી—પ્રીય પતિ! હું આપને નમન કરૂંછું. આપ શું વિચારમાં પડયાછો વારૂ?

હરિબળ—પ્રીયે! આ સંસારને વિષે મનુષ્ય માત્રને દૈવના ભ્રમણ ચક્રથી કેવી અસર થઈ જાયછે તેનું ચિંતવન કરતો હતો તેવામાં તમારૂં આવવું થયું.

વસંતશ્રી—પ્રાણનાથ! જો કે હું આપને વિષે વિશેષ તજવીજ કર્યા શિવાય આપની સાથે પરણીછું પરંતુ મને આપના આવા આવા સુવિચારોથી ખાત્રી થાયછે કે તેમાં હું બીલકુલ છેતરાણી નથી.

(એક દાસ પ્રવેશ કરેછે.)

દાસ—મહારાજા મહાસેન તરફથી પ્રતિહાર આપને નિમંત્રણ કરવા આવેલ છે.

હરિબળ—તેને અંદર આવવા દે.

(દાસ જાયછે અને પ્રતિહાર પ્રવેશ કરેછે.)

પ્રતિહાર—મહારાજા મહાસેને કહાવ્યું છે કે આપે આજે રાજ્યસભામાં પધારવું.

હરિબળ—મહારાજને વિજ્ઞપન કરજો કે હું આપની આજ્ઞા માથે ચડાવુંછું. (પ્રતિહાર જાયછે અને ભોજન સમય થવાથી અંદર ઘંટ વાજેછે.)

વસંતશ્રી—પ્રીયપતિ! ભોજનનો વખત થયોછે માટે પધારો.

(બંને જાયછે.)

---

## પ્રવેશ ત્રીજો.

### સ્થળ—મહાસેન રાજાની સભા.

પ્રતિહાર—મહારાજા મહાસેનનો જયજયકાર થાઓ!!

(મહાસેન રાજા કેટલાએક સભાસદો સાથે પ્રવેશ કરેછે, સઘળાઓ બેસેછે. કળાવંતીઓ આવે છે અને ગાયન શરૂ થાયછે.)

કળાવંતીઓ— રાગ ઠુમરી.

જુઓ જુઓ જુઓ જુઓ શું સભા શોભે,
શું સભા શોભે, શું સભા શોભે. જુઓ જુઓ૦

For Private And Personal Use Only

હેમ મણિ રૂડાછે સ્તંભ સભાના,
મણી મણિ પુતળી જહાં શોભે. જુઓ જુઓ૦
દિપ અનુપમે રાજ્ય મહાલય,
ઇંદ્ર ભુવનથી અધિક ઓપે. જુઓ જુઓ૦
બુદ્ધિવંત સઘળા છે સભાસદો,
રાજાજી હરિથી અધિક શોભે. જુઓ જુઓ૦

(હરિબળ પ્રવેશ કરેછે અને રાજાને નમન કરી પોતાના આસને બેસેછે.)

મહાસેન—કેમ હરિબળ ! કુશળ તો ખરા ?

હરિબળ—આપની કૃપાથી વિશેષ.

(ગણિકાઓ ગાયન શરૂ કરેછે.)

ઢેરણો.

પૂરી વિશાળા જુઓને વિશાળ અતી,
મહારાજ મદન વેગ જહાંના અધિપતિ.
પૂરવાસી જન સુખી સઘળાછે,
નહીં કોઇને દિલે લેશ અરતિ. મહારાજ૦
વસંત ઋતુ ચાલે અતી સુંદર,
કામી વીણ કોન દુઃખ પામે રતિ. મહારાજ૦
જેહ તણા મહોત્સવ ચાલેછે,
અંબ મંજરીએ પૂજાય રતિપતિ. મહારાજ૦

મહાસેન—હરિબળ ! તમારા દયાદાનાદિ પ્રશંસનિય કૃત્યોથી તમારી કીર્તિ મારી આખી નગરીમાં પ્રસરી રહીછે અને તેથી હું મને ધન્ય માનુંછું કે તમારા જેવા ઉદાર પ્રકૃતીના સજ્જનો મારી નગરીમાં વસેછે. તમારા જેવા સજ્જનોના સભામાં પધારવાથી સભાની શોભાછે તેથી બનતા સુધી આપ સભાને તમારા દર્શનનો લાભ આપવા ચુકશો નહીં.

હરિબળ—આપે કહેલા ગુણોને હું યોગ્ય નથી પરંતુ આપ આટલી બધી કૃપા બતાવોછો તેથી સેવક આપનો ઉપ-

ગાર માનેછે.

મહાસેન—ધન્યછે તમારી નમ્રતાને.

હરિબળ—સેવકની એક વિનંતીછે તેઆશાછેકે આપસ્વીકારશો

મહાસેન—શું છે?

હરિબળ—કાલે આસમંડળ સહીત જમવા પધારી મારા ઘરને પવીત્ર કરશો. સેવક તસ્તી તો આપે પરંતુ તેને સારૂ આજીજી સાથે ક્ષમા માગેછે. વિશેષ આનાકાનીની જરૂર નથી.

મહાસેન—જ્યારે તમારો ઘણોજ આગ્રહ છે ત્યારે મારાથી ના કહેવાતી નથી.

હરિબળ—આપે મારૂં આમંત્રણ સ્વીકાર્યું તેથી હું ઘણો હર્ષીત થાઉંછું.

---

## પ્રવેશ ચોથો.

### સ્થળ—હરિબળનું ઘર.

હરિબળ—પ્રીયે! હવે મહારાજને પધારવાનો વખત થયો છે તેથી ભોજનાદિની તૈયારી રાખજો.

વસંતશ્રી—સઘળું તૈયાર છે.

હરિબળ—ત્યારે હવે મહારાજને બોલાવુંછું.

(હરિબળ જાયછે અને થોડા વખત પછી રાજા સહીત પ્રવેશ કરે છે, રાજા આસન ઉપર જમવા બેસેછે, વસંતશ્રી પીરસેછે. રાજા જમી રહેછે અને તાંબુલાદિ લઈને જાયછે.)

## પ્રવેશ પાંચમો.

### સ્થળ—કંચનપુરી પાસેનું વન.

(એક બાજુથી વસંતસેન રાજાનો પ્રધાન પ્રવેશ કરે છે અને સામેથી રાજાના બીજા બે માણસો આવેછે.)

બે માણસો—પધાનજી! અમે રાજકુંવરીની ઘણી શોધ કરી પણ કાંઇ પત્તો લાગ્યો નહીં.

અપૂર્ણ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# धर्म विचार.

## (જિન પૂજા).

સાંધણ પાને ૧૫૭ થી.

प्रभाते जिन पूजायां,
नैशं पापं व्यपोहति;
मध्यान्हे चेह जन्मानां,
संध्यायां सप्त जन्मजं ॥१॥

(શત્રુંજય મહાત્મ્ય.)

અર્થ—પ્રભાતે જિનપૂજા કરે તેના રાત્રીને વિષે કરેલા પાપ દૂર જાય, મધ્યાન્હે પૂજા કરે તેના આ જન્મના પાપ દૂર જાય અને સંધ્યાકાળે જિનપૂજા કરે તેના સાત જન્મના પાપ દૂર જાય.

બંધુ વિનયચંદ્ર! આ પ્રમાણે ત્રણકાળને વિષે જિનપૂજા કરવાનું શાસ્ત્રકારે કહ્યુંછે માટે ભવ્યપ્રાણીઓએ ત્રણે કાળને વિષે જિનપૂજા કરવા ઉદ્યમવંત થવું.

વિનયચંદ્ર—ત્રણ કાળને વિષે શું શું પૂજવા યોગ્ય સાધનોએ પૂજા કરવી?

જ્ઞાનચંદ્ર—પ્રભાતકાળે બરાસ અને વાસક્ષેપાદિ છુટા, એવા શુદ્ધ સુગંધી દ્રવ્યથી પૂજન કરવું, મધ્યાન્હે અષ્ટપ્રકારે સંયુક્ત અર્ચન કરવું અને સાયંકાળે ધુપપૂજા અને દીપપૂજા કરવી. આ પ્રમાણે ત્રીકાળ[1] જિનપૂજન કરવાથી ઘણા પ્રાણીઓ શુભ ગતિગામી થયા છે

---

૧ એ પ્રમાણે પ્રાતઃકાળે પૂજન કરવાનો રિવાજ ક્વચિતજ દીઠામાં આવેછે. મધ્યાન્હના પૂજાનો રિવાજ કાંઈ વહેલો થયોછે, પરંતુ તેમાં જેઓ સૂર્યોદયના લગભગમાંજ સ્નાન કરી પૂજન કરવા ઉદ્યુક્ત થાયછે તે તો પ્રત્યક્ષ વિરૂદ્ધ છે કારણ કે અષ્ટપ્રકારી પૂજા તે સમયે કરવી એ શાસ્ત્રોક્ત રીતિથી વિરૂદ્ધ છે. સાયંકાળના પૂજનનું પ્રવર્તન ઘણે સ્થાનકે દ્રષ્ટીગત થાયછે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને યાવત્ મોક્ષ સુખ પ્રત્યે પામ્યાછે. વળી જિનપ્રતિમા મનુષ્યોને આ સંસારને વિષે કલ્પવૃક્ષ સમાન મનવાંછીત આપનારી છે. કહ્યુંછે કે—

दर्शनाद्दुरितध्वंसी, वंदनात्वांछितप्रद;
पूजनात्पूजकःश्रीणां, जिनःसाक्षात्सुरद्रुमः॥१॥

અર્થ—પરમાત્માના દર્શનથી દુરિત જે પાપ તેનો જે સમુહ તે નાશ પ્રત્યે પામે, વંદન કરવાથી મનને વલ્લભ અર્થની સિદ્ધિ થાય અને શ્રી જગત્પ્રભુ જે વિતરાગ છે તેનું પુજન કરવાથી પુદ્‌ગળીક રિદ્ધિ જે નરેંદ્ર, દેવેંદ્ર અને ચક્રવર્તિ વિગેરેની રાજ્યસંપદા અને આત્મીક રિદ્ધિ જે ચીદાનંદ લક્ષ્મી કેવળજ્ઞાન અને કેવળ દર્શનરૂપ તે પ્રત્યે પામે. માટે ત્રણ લોકને ભુષણભુત એવા જે જિનેશ્વર ભગવંત તેની જે પ્રતિમા તે સાક્ષાત્ કલ્પવૃક્ષ સમાનજછે એમ સમજવું.

વળી હે વિનયચંદ્ર! જિન મહારાજાની પૂજા કરવાથી શું શું ફળ પ્રાપ્તિ શાસ્ત્રકારોએ કહીછે તે તું સાંભળ!

## शार्दुल विक्रिडित.

पापंलुंपतिदुर्गतिंदलयतिव्यापादयत्यापदं,
पुण्यंसंचिनुतेश्रियंवितनुतेपुष्नातिनिरोगतां;
सौभाग्यंविदधातिपल्लवयतिप्रीतिंप्रसूतेयशः,
स्वर्गंयच्छतिनिर्वृतिंचरचत्यर्चाऽर्हतांनिर्मिता॥१॥

અર્થ—જિનેશ્વર ભગવંતની અર્ચા જે પૂજા તે કરતા છતાં પ્રાણી પાપને દુર કરે, દુર્ગતિને દળી નાંખે, આપદાનો નાશ કરે, પુણ્યનો સંચય કરે, લક્ષ્મિને વિસ્તારે, નિરોગતાને પુષ્ટ કરે, સોભાગ્યપણુ પ્રાપ્ત કરે, પ્રીતિને ઉત્પન્ન કરે, યશનો પ્રસવ કરે, અને સ્વર્ગ જે દેવપદ અને નિવૃતિ જે મોક્ષપદ તે પ્રત્યે પામે. વળી કહ્યુંછે કે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



स्वर्गस्तस्यगृहांगणंसहचरीसाम्राज्यलक्ष्मीःशुभा,
सौभाग्यादिगुणावलिर्विलसतिस्वैरंवपुर्वेश्मनि;
संसारःसुतरःशिवं करतलक्रोडे लुठत्यंजसा,
यःश्रद्धाभरभाजनंजिनपतेःपूजांविधत्तेजनः ॥२॥

અર્થ—જે પ્રાણી શ્રદ્ધા સમુદ્રના ભાજનરૂપ થઇને અર્થાત્ શુભ ભાવે યુકત થઇને શ્રી વીતરાગ દેવની પૂજા કરે તેને સ્વર્ગલોક તો ઘરના આંગણા સદૃશ નિકટપણે વર્તે, અને સામ્રાજ્ય લક્ષ્મિ એટલે મનોહર એવી જે રાજ્યરિદ્ધિ તે સહચરી એટલે સાથે રહેનારી થાય; વળી તે પ્રાણીના શરિરરૂપ જે ગૃહ તેને વિષે સૌભાગ્ય, ધૈર્ય, ઔદાર્ય, અને ચાતુર્યાદિ ગુણોની આવળી જે શ્રેણી તે સ્વેચ્છાએ કરીને વિલાસ કરે; વળી તે પ્રાણીને સંસાર રૂપ જે સમુદ્ર તે સુતર એટલે સુખે કરીને તરવા યોગ્ય થાય અને શીવ જે મોક્ષ તે હસ્ત તળના મધ્ય ભાગને વિષે આળોટે અર્થાત્ મોક્ષ પ્રાપ્તિ તો તેને હસ્તગોચર થાય. માટે આવી અપાર સુખને દેનારી એવી જે જિનપૂજા તે કરવાને કોણ ઉદ્યમ ન કરે. વળી કહ્યુંછેકે.

### शिखरिणी.

कदाचिन्नातंकःकुपितइवपश्यत्यभिमुखं,
विदूरेदारिद्रंचकितमिवनश्यत्यनुदिनं;
विरक्ताकांतेवत्यजतिकुगतिःसंगमुदयो,
नमुंचत्यभ्यर्णंसुहृदिवजिनार्चांरचयत ॥३॥

અર્થ—જિનેશ્વર ભગવંતની પૂજા કરનારા મનુષ્યોની સન્મુખ ભય કોપાયમાન મનુષ્યની પેઠે કદાપી દ્રષ્ટી કરતો નથી, દરિદ્રતા ભયભીત માણસની પેઠે તેનાથી નાસતી ફરેછે, અને કુગતિ જે કુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગતિ તે વિરક્ત સ્ત્રીની પેઠે તેનો સંગજ ત્યજેછે, વળી ઉદય એટલે પ્રતાપ ઐશ્વર્યાદિની વૃદ્ધિરૂપ જે અભ્યુદય તે સુમિત્રની પેઠે તેના સમીપ ભાગને મુકતોજ નથી. એવી રીતે ભયને ભ્રાંતિ પમાડનાર, દરિદ્રતાને દુર કરનાર, દુર્ગતીને કાઢનાર, અને ઉદયને આપનાર એવી જે જિનેશ્વર ભગવંતની અર્ચા તે કરવા માટે સદાકાળ સાવધાન થવું એજ મનુષ્ય જન્મ સફળ કરવાનું મુખ્ય સાધન છે. કહ્યુંછેકે—

वरपुजयाजिनानां, धर्मश्रवणेनसुगुरुसेवनया;
सासनभासनयोगे, सृजंतिसफलंनिजंजन्मं ॥४॥

અર્થ—પ્રધાન એવી જે જિનેશ્વર ભગવંતની પૂજા તે કરવે કરીને, ધર્મ સાંભળવે કરીને, સુગુરૂની સેવાએ કરીને, અને વીતરાગ દેવની આજ્ઞાને જાણવાના યોગે કરીને ભવ્યજીવો પોતાના જન્મને સફળ કરેછે. વળી કહ્યુંછેકે—

यःपुष्पैर्जिनमर्च्चतिस्मितसुरस्त्रीलोचनैःसोर्च्यते,
यस्तंवंदतएकशस्त्रिजगतासोहर्निशंवंदते;
यस्तंस्तौतिपरत्रवृत्रदमनस्तोमेनसस्तुयते,
यस्तंध्यायतिक्लृप्तकर्मनिधनःसध्यायतेयोगिभिः॥

અર્થ—જે પ્રાણી શ્રી જિનેશ્વર દેવને પુષ્પે કરીને પૂજે છે તે પુરૂષ વિકસીત એવા દેવાંગનાઓના લોચન જે નેત્ર તેણે કરીને પૂજાય છે અર્થાત્ તે પ્રાણી દેવલોકમાં ઉત્પન્ન થાયછે; વળી જે પ્રાણી શ્રી જિનેશ્વર ભગવંતને એકવાર વંદન કરેછે તે અહર્નિશ ત્રણ જગત્રથી વંદાયછે, અર્થાત્ તે ત્રીભુવન વંદ્ય થાયછે; વળી જે પ્રાણી વિતરાગને સ્તવેછે તે પ્રાણી પરલોકને વિષે ઇંદ્રોના સમુહે કરીને સ્તવાય છે અર્થાત્ તેના ગુણની સ્તુતિ દેવેંદ્ર કરેછે; તેમજ જે પ્રાણી અરીહંત ભગવંતને ધ્યાયછે અર્થાત્ પિંડસ્થ પદસ્થ રૂપસ્થ અને રૂપાતીત ભેદ

For Private And Personal Use Only

કરીને ધ્યાનગોચર કરેછે તે પ્રાણી યોગીશ્વર જે મહામુનિઓ તેનાથી ધ્યવાયછે અર્થાત્ તેનું યોગીશ્વરો ધ્યાન કરેછે. માટે તે પ્રાણીને કર્યો છે આઠ કર્મનો નાશ જેણે એવો જાણવો.

અપૂર્ણ.

---

## समकित.

### (આરામનંદનની કથા.)

સાંધણ પાને ૧૬૦ થી.

થોડાજ વખતમાં તે મયુરો તૈયાર કરાવી લાવ્યો; મયુરો આવ્યા એટલે રાજાએ તે મયુરો પોતાના સૈન્યમાં વહેંચી આપ્યા અને સેનાપતિને હુકમ કર્યો કે પ્રાસેના વનમાં વાનરો રહેછે તે આપણા શત્રુછે તેથી તેઓના ઉપર ચડાઇ કરવાને સેના તૈયાર કરી મયાણના તુર વગડાવો

આ હુકમ સાંભળતાં તરતજ સૈન્યપતિએ સૈન્યમાં હુકમ ફરવ્યો અને પ્રયાણના વાજીંત્રોવજડાવ્યાં. થોડીવારમાં સૈન્ય એકત્ર થઈ ચાલવા લાગ્યું તેમાં કેટલાએક મોટાં ઓહ્દેદારો જેઓ વાનર રૂપે વ્યંતરો હતા તેઓ પેલા કાષ્ટમય મયુર ઉપર બેઠા અને કુચ કરી.

આ ચમત્કારીક ખેલ જોવાને આરામનંદન પણ તે કૃત્રીમ લશ્કરની પુંઠે ચાલ્યો ટુંકા વખતમાં કાળમુખ અને નીલમુખ વાનરનું વન સમીપ આવ્યુંછે એમ જાણીને વાનરરૂપે વ્યંતરરાજાએ હુકમ કર્યો કે કાષ્ટ મયુરો અહીં મુકીને સઘળું પાયદળ આગળ ચાલો. હુકમ થતાંજ સઘળાઓએ પોતાના મયુરો ત્યાં છોડી દીધા અને આગળ પ્રયાણ કર્યું. તે વનમાં જે ખરા વાનરો રહેતા હતા તેમણે જ્યારે પોતાના વનમાં બીજા વાનરોને આવતા જોયા ત્યારે તેમનો અટકાવ કરવાને તથા મારી કાઢવાને નીલમુખ વાનર સંખ્યાબંધ સામા આવ્યા. પરસ્પર યુદ્ધ ચાલ્યું તેમાં કૃત્રીમ વાનરોએ 'ક્રીડાને સારૂ'

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સન્મુખ આવેલા ખરા વાનરોની સાથે ઘણા વખત સુધી યુદ્ધ કર્યું અને છેવટે સઘળાઓને નસાડી મુક્યા. આવી રીતે નીલમુખ વાનરોને નાસતા જોઇને કાળમુખ વાનરો ગર્વથી પોકાર પાડતા કૃત્રીમ વાનરોની સન્મુખ લડવાને આવ્યા. આ પ્રમાણેની વ્યંતરોની ક્રીડા જોઇને આરામનંદન વિચારવા લાગ્યો કે આ વ્યંતરોની અને વાનરોની યુદ્ધ ક્રીડા જોવાથી મારૂં કાંઇ સાર્થક થવાનું નથી. મારે તો વૈતાઢ્ય પર્વત ઉપર જવુંછે અને તે અહીંથી ઘણે દુર હોવાથી પગે ચાલીને જતાં ત્યાં પહોચાય તેવું નથી માટે આ વ્યંતરો હાસ્યક્રીડામાં નિમગ્ન થયાછે .એવા સમયનો લાભ લઇને તેમણે મુકેલા આકાશગામી કાષ્ટમયુરમાંથી એક એઓના પાછા આવતા અગાઉ લઇને ચાલ્યો જાઉં તો મારા કાર્યની સિદ્ધિ થાય. કહ્યુંછે કે 'ગયેલા વખત ફરીથી મળતો નથી" માટે આવી અનાયાસે મળેલી અમૂલ્ય તક વાનરોનું યુદ્ધ જોવામાં વૃથા ગમાવવી ન જોઇએ..

આ પ્રમાણે નિશ્ચય કરીને વ્યંતરોએ મુકેલા મયુરોમાંથી એક શ્રેષ્ટ મયુર શોધી તે ઉપર બેશીને પોતે અગાઉ જોયા પ્રમાણે આકાશગામીનિ કળ ફેરવી જેથી તે કાષ્ટ મયુર આકાશ માર્ગે ચાલ્યો. આરામનંદનને યોગીનિઓની વાત ઉપરથી તે કંચુક ક્યાંછે એના ખબર હોવાથી થોડા વખતમાં તે મંગળાવતિ નગરીને વિષે વિદ્યુન-માળી રાજાની હવેલીને ચોથે મજલે ઉતર્યો. સદ્ભાગ્યે જ્યાં કુંવર ઉતર્યો ત્યાં ગવાક્ષમાંજ તે કંચુક એક સુવર્ણમય પલંગ ઉપર મુકેલો હતો તેથી તેને કંચુક ક્યાં હશે અને તે કેવી રીતે લેવો તે બાબત વિચાર કરવાની જરૂર રહી નહીં. કહ્યુંછે કે "ભાગ્યવંત પુરૂષને મનવંછીતની સાફલ્યતામાં કાંઇપણ વીલંબ થતો નથી".

જો કુમાર તે કંચુક લઇને ગુપચુપ રીતે ચાલ્યો ગયો હોત તો કાંઇ અડચણ પડે તેમ નહોતું પરંતુ તેમ કરવું એ ચોરનું કામ છે તેથી તેને તે ઠીક લાગ્યું નહી, માટે પોતે કંચુક લઇ મયુર ઉપર બેસીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આકાશગમન કરતાં નીચે પ્રમાણે ગાઢ સ્વરે બોલ્યો કે "હું આરામનંદન પુષ્પ કંચુક લઇને ગમન કરૂંછું તેથી જેને તે કંચુકની ઇચ્છા હોય અને યુદ્ધ જેને પ્રીય હોય તેણે મારી પાછળ સત્વર આવવું."

જેમ સિંહની ગર્જનાથી પર્વત ગાજી રહે તેમ કુંવરની ગર્જનાથી સંપૂર્ણ મહેલ ગાજી રહ્યો અને તેથી તેવા કર્ણભેદ શબ્દને શ્રવણ કરનાર વિદ્યુનમાલી વિદ્યાધરની બંને સ્રીઓએ પોતાના પતિના યશને માટે પરસ્પર કરાર કર્યો કે આ કંચુક ચોરની સાથે યુદ્ધ કરીને જે કંચુક પ્રાપ્ત કરે તેણે એ કંચુક રાખવો. આવો નિશ્ચય કરી તે બંને સ્રીઓ સૈન્ય સહિત શીઘ્રપણે આરામનંદનની પુંઠે ચાલી. આકાશમાર્ગમાં આ વિદ્યાધરીઓની વિદ્યા બળ સંયુકત અતિ ત્વરાથી તેઓના સૈન્યે શીઘ્રમેવ આરામનંદનને પકડી પાડયો અને બંને બાજુએ બંને સ્રીઓની સેના જુદી જુદી રહીને યુદ્ધ માગવા લાગી. આવા સંપૂર્ણ સંકટ સમયે કુંવરે પોતાની ઉપર પ્રસન્ન થયેલા વેતાળની મદદ લેવી યુકતછે એમ ધારીને તેનું સ્મરણ કર્યું. તે તરતજ પ્રગટ થયો અને પુછયું કે હે વત્સ! તેં મને કેમ સંભાર્યો છે! કુંવરે કહ્યું કે આ બંને સેનાની સાથે મારે યુદ્ધ કરવાનું છે અને મારા મુરખ્ખી વર્ગે જે મારી સ્રીને આઠ વરસનો વાયદો કર્યો છે તે આજે પુર્ણ થાયછે તેથી તું મને યુદ્ધમાં મદદ કર.

વૈતાળે કહ્યું કે હું અત્રે આવતો હતો તે વખતે માર્ગમાં લક્ષ્મીપુર જે તમારી જન્મભુમિ છે ત્યાં મેં ઘણા નાગરીકોને સ્મશાનમાં એકત્ર થયેલા જોયાછે. અને તેમાં કેટલાએક શેવક પુરૂષો ચિતા રચતા હતા તેથી મને લાગેછે કે તારી સ્રી આજે અગ્નિ પ્રવેશ કરતી હશે, માટે તું સત્વર અહીંથી ત્યાં ગમન કર. કુંવરે કહ્યું કે હું ત્યાં જાઊંછું પણ તમે આ બંને સેનાને આસ્થળે અટકાવી રાખજો. વૈતાળે હા કહી એટલે કુંવરલક્ષ્મીપુર ભણી ચાલ્યો અને તત્કાળ ત્યાં આવી પહોંચ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવીને સભ્રાંત ચિત્તે નીરખે છે તો પોતાની પ્રાણથી વહાલી પદ્માવતીએ તરતજ ચિતામાં પ્રવેશ કરેલો છે અને સઘળાઓ શોકસાગરમાં નિમગ્ન થયેલાછે. આવું અસહ્ય સંકટ જોઇને કુંવરે કંચુક એક તરફ ફેંકી, પંચ પરમેષ્ટીનું સ્મરણ કરી "જો મારી સ્ત્રી પદ્માવતી સતી હોય તો હું અને તે બંને આ ચિતામાંથી અગ્નિનો સ્પર્શ પણ થયા સિવાય પાછા નીકળજો અને અગ્નિજળમય થઇ જજો" એવું કહીને નવકાર મંત્રનો જાપ કરતા કરતા એકાએક તે દેદીપ્યમાન અગ્નિમાં પ્રવેશ કર્યો.

અહીંઆ વૈતાળ જો કે ઘણો જબરો હતો તોપણ તેનાથી વિદ્યાધરની અથાગ બળવંત સેના સામે ટકી શકાયું નહી અને તે તથા વિદ્યાધરના બંને સૈન્યો ચિતા પાસે આવી પહોંચ્યા. વિદ્યાના પ્રૌઢ પ્રાબલ્યથી જેમણે વૈતાળના માનનું પણ મર્દન કર્યું છે એવી તે બંને વિદ્યાધરીઓએ કંચુક નાખી દઇને કુંવરને ચિતામાં પ્રવેશ કરતો દેખવાથી એમ ધાર્યું કે એનાથી આપણા સૈન્યનો તાપ સહન ન થયો માટે તેણે અગ્નિ પ્રવેશ કર્યો. હવે કંચુક કોણે લેવો તે મુશ્કેલ થઇ પડયું તેથી તે બંને વિદ્યાધરીઓએ સાથે કંચુક ઉગારીને ચિતા સામુ જોયું તેટલામાં તો તે જાજ્વલ્યમાન ચિતા શાંત પડી ગયેલી માલમ પડી અને તેમાંથી આરામનંદન કુમાર પદ્માવતી સહીત બહાર નીકળ્યો.

જેવો તે બહાર નીકળ્યો કે તરતજ વિક્રમરાજાને પ્રણામ કરીને માતા પિતાને પગે લાગ્યો. પદ્માવતી પણ રાજાને તથા સાસુ સસરાને પગે લાગી અને તેણીને તે સઘળાઓએ 'પુત્રવતીભવ' એવી આશિષ દીધી.

આ બનાવ સહજવારમાં બન્યો તેથી વિક્રમરાજાનું તથા વિદ્યાધરનું સૈન્ય આશ્ચર્યતાથી સ્તબ્ધ બની ગયું હતું, પણ જ્યારે કુંવરને શીયળના મહાત્મ્યથી અગ્નિમાંથી જેમનો તેમ બહાર નીક-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભેલો જોયો ત્યારે તે સેનામાં હર્ષના વાજા વાગ્યા અને જૈનધર્મનો મહીમા પ્રગટ થયો

વિદ્યાધરીઓ કે જેઓ યુદ્ધ કરીને કંચુક લેવા આવી હતી તેમણે અને વિક્રમરાજા પ્રમુખે જ્યારે કુંવરને મુખેથી કંચુકનો સઘળો વૃતાંત સાંભળ્યો ત્યારે તેઓ આશ્ચર્ય પામ્યા અને તે બંને વિદ્યાધરીઓએ પ્રસન્ન થઇને તે કંચુક પદ્માવતીને પહેરાવ્યો.

અપૂર્ણ.

---

## વર્તમાન ચર્ચા.

શ્રીમન્મહારાજશ્રી આત્મારામજી ( આનંદવિજયજી ) અને સુરતવાસી હુકમમૂની વચ્ચે ચાલેલા સંવાદનું આવેલું છેવટ—આ સંવાદ ઘણા દિવસ ચાલ્યા બાદ હુકમમુનિએ છપાવેલા ગ્રંથોની અંદરથી શ્રીમન્મહારાજશ્રી આત્મારામજીએ શોધી કાઢેલાં (૧૪) મોટા તફાવતો અર્થાત્ જૈનસિદ્ધાંતોથી વિપરીત ઉપદેશના સંબંધો જણાયાથી તેનો નિર્ણય કરવા માટે તે ૧૪ તફાવતો એક પ્રશ્ન તરીકે શ્રી મુંબઇની જૈન એસોશીએશન ઉપર મોકલવામાં આવેલા અને તેમણે આખા હિંદુસ્તાન માંહેના તમામ જૈન પંડિતોની ઉપર મોકલી તેના ખુલાસા મંગાવેલા તેમાંના ઘણા ખુલાસા આવી જવાથી તેનો નિર્ણય શ્રી સુરતમાં એક મોટી સભા ભરીને સંભળાવવામાં આવેલો છે. આ સભા માગશર સુદ ૧૪ વાર રવી તા. ૨૦ મી ડીસેમ્બર. ૧૮૮૫ ને રોજ શેઠ રાયચંદ દીપચંદની ધર્મશાળામાં મળી હતી અને તેમાં સુમારે બે હજાર દેશી પરદેશી શ્રાવકો મળ્યા હતા ઘણા વખત સુધી વાતચિત ચાલ્યાબાદ છેવટે જાહેર કરવામાં આવ્યું કે આખા હિંદુસ્તાન માંહેના પંડિતો ઉપર લખી મંગાવેલા ખુલાસા ઉપરથી સિદ્ધ થયુંછે કે—હુકમમુનિના રચેલા તત્વસારોદ્ધાર વિગેરે ગ્રંથો માંહેથી શોધી કાઢેલા ૧૪ પ્રશ્નો જૈન શાસ્ત્રથી વિરૂદ્ધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે માટે અમે (શ્રી સુરતનો સંઘ તથા મુંબઈની જૈન એસોશીએશન) હુકમમુનિને ભલામણ કરીએ છીએ કે તે પુસ્તકો તેમણે સુધારવા અને જ્યાં સુધી સુધરે નહીં ત્યાં સુધી તે પુસ્તકો કોઇ પણ શ્રાવક ભાઈઓએ વાંચવા નહીં કારણ કે તે બહુ સંસારનું કારણ છે.

આ છેવટ ઘણું સંતોષકારક રીતે આવેલું છે અને એવી રીતે અસત્યવકતાની અસત્યતા જાહેરાતમાં આવ્યાથી મુનિરાજશ્રી આત્મારામજી મહારાજનો કરેલો પ્રયાસ પણ સફળ થયો છે.

મહુવાવાળા શા. ફતેચંદ જીવરાજ—સર્વે જૈનબંધુઓએ જાણ્યું હશે કે શ્રી પાલીતાણાવાળા શા. નથુ ધરમશીની પેઠે આ મહુવાવાળા દેરાસરના, સંઘના તથા બીજા શુભ ખાતાના વહીવટ ચલાવનારનો ગોટાળો બહાર પડવાથી અને તેમની પાસેના વહીવટી ચોપડાઓ વીગેરે અત્યાગ્રહ પૂર્વક માગ્યા છતાં ન સોંપવાથી શ્રી ભાવનગરના સંઘના ચાર ગ્રહસ્થો ત્યાં ગયેલા અને ધી જૈન એસોશીએશન ઓફ ઇંડીયાના ફરમાન મુજબ તકરારનું સ્વરૂપ ન વધી પડવા માટે ઘણો પ્રયાસ કરેલો પણ છેવટ સુધી તેઓએ સુંમત ન કરવાથી તેઓને શ્રી સંઘથી દૂર કરવામાં આવેલા છે. તોપણ હજુ તેઓએ પોતાનો દુરાગ્રહી સ્વભાવ પડયો મુકયો નથી એટલુંજ નહીં પરંતુ મજકુર નિમક હરામી નથુની પેઠે નવા નવા કૌભાંડો ઉભા કર્યા કરે છે, અમે ત્યાંના સંઘના સદ્‌ગ્રહસ્થોને ભલામણ કરીયે છીયે કે તેઓએ કોઈપણ જાતના કૌભાંડથી ડર ન ખાતાં ધર્મના પક્ષમાં દ્રઢ ચીત્તે રહેવું, છેવટે સત્યનો જય થશે અને ઉન્માર્ગે ચાલનારા દુર્જનો પોતે ખોદેલા ખાડામાં પોતેજ પડશે.

હાલમાં મહુવાના કેટલાએક સુજ્ઞ જનોએ દેરાસરના વહીવટનો નવેસરથી પ્રારંભ કરવા માટે આસામાં એક અઠાઇ મહોત્સવ કરવો ધારેલો છે અને તે થોડીજ મુદતમાં શરૂ થવાનો છે. દીલગીર છીએ કે આવું શુભ કાર્ય કરતાં પણ તેઓને ઉન્માર્ગીઓ તરફથી સંકટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી પડવાની ધારતી રહે છે. તો તે ઉન્માર્ગે ગમન કરનારા દુરાગ્રહીઓએ સમજવું જોઇએ છીએ કે આવી અનિતી ભરેલી વર્તણુંક તેઓને ખરેખર દુઃખદાયક થઇ પડવાની છે.

પાલીતાણામાં ભાટનો જુલમ----જેમની આખી કોમની વંશ પરંપરા આજીવીકા શ્રાવકો તરફથીજ છે એવા ભાટ લોકો પોતાની ગેરવર્તણુંક છોડી ન દેતાં આગળ આગળ પગલું ભરતાં જાય છે હમણા સુમારે એક માસ અગાઉ પણ તેઓએ એક કારખાનાના નિમક હલાલ નોકર ઉપર હુમલો કરેલો છે. અને અગાઉ કારખાનાના મુનીમ શા. ઇંદરજી મકનજી ઉપર તેમણે કેટલીએક વખત હુમલા કરેલા છે અને અસહ્ય અપશબ્દો સંભળાવેલાં છે જે કે જાહેરાતમાં પણ આવી ચુક્યા છે તો હવે તે ભાટ લોકોએ પોતાની થયેલી ભુલોનો પસ્તાવો કરી હવેથી સારી રીતે ચાલવું ઘટે છે. નહીતો અમે નથી ધારી શકતા કે તેઓની આવી ગેરવ્યાજબી વર્તણુંક પાલીતાણાના ન્યાયી ઠાકોર સાહેબ માનસિંહજીના નેક અમલમાં ચાલી શકે. વળી જો આ પ્રમાણે વધારે વખત ચાલશે અને શ્રાવકો તેને માટે કાંઇ વિચાર ધારશે તો તે પણ તેઓને ઘણું દુઃખદાયક થઇ પડશે.

જાહેર મીલોલંસો—શ્રી મુંબાઇ નિવાસી શેઠ પ્રેમચંદ રાઇચંદ (શ્રી જૈન એસોશીએશન ઓફ ઇંડીઆના પ્રેસીડેન્ટ)ના ચીરંજીવી શેઠ ફકીરચંદ પ્રેમચંદ શ્રી પાલીતાણે યાત્રા નિમિત્તે આવેલા અને ત્યાંથી ભાવનગર આવેલા હોવાથી તેમના આગમનની ખુશાલીના પ્રસંગમાં શ્રી જૈનધર્મ પ્રસારક સભા તરફથી માગશર વદ ૮ ને સોમવારે સંવેગી મુનિના ઉપાશ્રયમાં એક મોટી જાહેર સભા ભરવામાં આવી હતી સભામાં સુમારે એક હજાર ઉપરાંત શ્રાવકો આવેલા હતા; પ્રમુખ સ્થાને શેઠ ફકીરચંદ પ્રેમચંદ બીરાજ્યા હતા સભાનું કામ બરાબર સાત કલાકે શરૂ થઇ દશ કલાક સુધી ચાલ્યું હતું આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને તે દરમીઆન "લોભ" અને "સુપાત્રદાન" એ બે વિષય ઉપર બે મોટા ભાષણો થયેલાં હતાં જે અનેક શાસ્ત્રોના દ્રષ્ટાંતોથી સંયુક્ત અને રસીક મનરંજન કર્ત્તા હોવાથી સભાસદોના ચિત્તનું અતિશય રંજન થવા સાથે ઘણીજ સારી અસર થઇ હતી.

શેઠ ફકીરચંદ માગશર વદ ૬ ને રવીવારે આવેલા તે શીહોર વરતેજ અને ગોઘા વિગેરેની યાત્રા કરી માગશર વદ ૧૧ ને શુક્રવારે શ્રી મુંબઈ તરફ સીધાવ્યા છે.

પાલીતાણાના કારખાનાની ભવીષ્યની સ્થિતી—કુમાર શ્રી માનસિંહજી રાજ્યાસનપર બિરાજ્યા બાદ સર્વે જૈનબંધુઓ કારખાનાની ભવીષ્યની સ્થિતિ ઘણી સારી આવશે એમ ધારે છે, અને તેમના (ઠાકોરસાહેબના) તરફથી બીજી પણ ઘણી સારી આશા ધરાવે છે તે એટલે સુધી કે ઘણા અલ્પ શક્તિવાન શ્રાવક ભાઇઓ જેઓ બે રૂપૈઆ ભરીને યાત્રા કરવે અશક્ત હતા તેઓ હવે નિશ્ચિંત થયા છે અને વગર મુંડકે યાત્રા થવાની આશાથી હર્ષિત થઇ બેઠા છે. અમે આશા રાખીએ છીએ કે જેમણે પોતાની ઉદારતાનો પ્રથમ લાભ પોતાના લઘુ બંધવને આપ્યો છે એવા યશસ્વી ઠાકોર સાહેબ શ્રાવકોની આ અલ્પ આશા પણ પોતાના ઉદાર સ્વભાવને લીધે સંપૂર્ણ કરશે અને તેથી આખા હિંદુસ્તાનમાં તેમની ઉજ્વળ કિર્તિ પ્રસાર પામશે.

તથાસ્તુ.

---

લવાજમ તાકીદે મોકલાવશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## લવાજમની પહોંચ.

૧-૩ શા. જગજીવનદાસ ઉતમચંદ.
૧-૩ ગુરજી રતનશી નાનચંદજી.
૧-૩ કોઠારી મુળચંદ દોલજી.
૧-૩ શા. અમુલખ દયારામ.
૧-૩ શા. નાથાલાલ અમીચંદ
૧-૦ વોરા ફુલચંદ રણછોડ.
૧-૦ મણીઆર કરશન ખુમચંદ.
૧-૦ ભાવસાર ભાણજી નથુભાઇ.
૧-૦ શા. નારણ મોતી.
૧-૦ શા. તારાચંદ વસ્તા.
૧-૩ શા. પોપટ ગુલાબચંદ.
૧-૩ શા. ત્રીકમલાલ જેશંગ.
૦-૮ શા. વર્ધમાન હુકમચંદ.
૧-૦ શા. ગીરધર બાવા.

૧-૩ શા. હંસરાજ મુળચંદ.
૧-૩ શા. વેલશી નથુ.
૧-૩ શા. અનોપચંદ મોતીચંદ.
૧-૩ વકીલ ચુનીલાલ ગોકળદાસ.
૧-૩ શા. જેચંદ લક્ષ્મીચંદ.
૧-૦ શા. વીરચંદ આણંદજી.
૧-૦ શા. જીવણ મોનજી.
૧-૦ શા. કરશન હીરા.
૧-૩ શા. મોતીલાલ રતનચંદ.
૧-૩ શા. ગંભીર નાનચંદ.
૧-૩ શેઠ ભગા પંચાણ.
૧-૦ શા. ઠાકરશી વર્ધમાન.
૧-૦ શા. છગન ખોડા.
૧-૩ શા. શાકરચંદ હરખચંદ.

## લવાજમ મોકલનારાને સગવડ.

નીચે જણાવેલા અમારા એજંટોને લવાજમ ભર્યાથી અમને પહોંચશે.

મુંબઇ—અમારી સભાના ઓનરરી પ્રેસીડેન્ટ તથા અમારી ત્યાંની બ્રાંચના પ્રેસીડેન્ટ શેઠ. ફકીરચંદ પ્રેમચંદ ઠે. વીઠલવાડી.

સુરત—અમારી બ્રાંચના આકટીંગ સેક્રેટરી શા. સાકરચંદ સવાઇચંદ ઠે. નાણાવટ કબુતરખાને.

અમદાવાદ—શ્રી જૈનધર્મ પ્રવર્તક સભાના સેક્રેટરી શા. જેશંગભાઇ સાંકળચંદ ઠે. દેવસાનેપાડે.

વડોદરા—અમારી મુંબઈ બ્રાંચના સભાસદ ઝવેરી માણેકલાલ ઘેલાભાઇ ઠે. ઝવેરીવાડે.

પાલીતાણા શેઠ આણંદજી કલ્યાણજીના મુખ્ય મુનીમ શા. ઇંદરજીભાઇ મકનજી દેશાઇ ઠે. કારખાને.

ભરૂચ—શા. મગનલાલ મોતીચંદ ઠે કોઠીઆવાળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ગ્રાહકોને અગત્યની સૂચના.

ગયા વરસના [illegible] આપની સમીપે આ મુદ્દાં અગ્યાર અંક પહોં-ચ્યા છતાં લવાજમ મોકલવામાં પ્રમાદ થયા કરે છે તો હવે દીલગીર [illegible] જરૂર મોકલી આપવા તસ્દી લેશો. આશા છે કે લવાજમ મંગાવવા જુદું ટપાલ ખર્ચ કરવાની જરૂર રહેશે નહીં.

જે સાહેબોએ ઓછા અંક ગણી ગયા વરસનું [illegible] કેમ કે જેમને [illegible] દરેક અંકના બે આના પ્રમાણે લવાજમ મોકલી દેવું.

પહેલો અંક છપાઈ આવ્યો છે તેથી જે ગ્રાહકોને [illegible] ન [illegible] હોય તેમણે તરત ખબર આપી મંગાવી લેવો.

જે સાહેબોએ લવાજમ મોકલ્યા છતાં પહોંચ અંક [illegible] અપાણી હોય તો તેમણે ફરીને તરત ખબર આપવાની તસ્દી લેવી.

## નવીન ખબર.

વિદ્યાદેવીના ઉપાસક અને જ્ઞાનગુણગ્રાહક જૈનબંધુઓને ખબર આપીએ છીએ કે જૈન ધર્મની તમામ ચોપડીઓ (ભીમશી માણેક સહિત છપાયેલી સુદ્ધાં) વ્યાજબી અને સોંઘી કીમતે અમારી સભાની ઓફિસમાંથી મળશે. પરદેશવાળાને વેલ્યુપેએબલ પારસલ કરીને મોકલવામાં આવશે.

અમારી સભા તરફથી છપાવવામાં આવેલી સુબોધ સ્તવનાવળી ભાગ ૧ લો, સાગરસંઘ તથા [illegible] [illegible] [illegible] અમારી સભાના મંત્રી પાસેથી, અમદાવાદ શ્રી જૈન પ્રવર્તક સભાના મંત્રી પાસેથી અને મુંબઈમાં ભીમશી માણેક પાસેથી મળશે.

પત્ર વ્યવહાર અમારી સભાના મંત્રી [illegible] ભાઈ [illegible] કરીને થવા દેશો.

તંત્રી.

જૈન ધર્મ પ્રકાશ.

For Private And Personal Use Only